## નમસ્કાર ગાંધીનગર

### પમરાટ

જિંદગી, જિંદગી નહિ ઝેર લાગશે.
જો તું પડખે જ કાયમ પીડા રાખશે.

કોરી આંખોય પાછી ભીની થઈ જશે,
યાદ ભૂલથીય એની જો તું લાવશે.

તારાં માટે તો જીવ પણ હું કાઢીને દઉં,
એવું ના કહેતા હોં, કો'ક દી માંગશે.

પ્રેમમાં પણ થોડી સરહદો રાખવી,
કરશો હદપાર તો ઠોકરો વાગશે.

નિતેશ ટાંક.

### પાથેય

- રમેશ ઠક્કર

# સાદગીના સથવારે

સરળતાથી જીવવામાં જ સાર્થકતા રહેલી છે આપણી આસપાસ ઘણા બધા લોકો જીવતા રહે છે.એમાં કેટલાક બહુ સરળ અને હળવા ફૂલ લાગે.જાણે સુખની તમામ ઉપલબ્ધ એમની પાસે જ છે. ઘણા એવા હોય કે જાણે કોઈ ભાર વેંઢારતા હોય. નરસિંહ મહેતાએ સરસ કહ્યું છે" હું કરું. હું કરું. એ જ અજ્ઞાનતા.શકટનો ભાર જેમ શ્વાન તાણે ' આવા ભાવ સાથે જીવવું એ પણ એક ભ્રમ હોઈ શકે છે. ખરેખર તો જીવનની પોતાની એક ગતિ હોય છે.અને એ રીતે જ?એ વહેતું રહે છે.

પોતાની ઉપર જ મુસીબતોના પહાડ તૂટી પડ્યા હોય એ રીતે જીવતા લોકોનો અહીં તોટો નથી.આવા લોકો મુસીબતોને કે પીડાને કાયમ પોતાની પડખે રાખે છે.અને એટલે જ જિંદગી એમને ઝેર જેવી લાગતી રહે છે. જે રીતે છોડ ઉપર કોઈ ફૂલ ખીલે છે કે કોઈ ડાળખી પ્રગટે છે એ જ રીતે આપણા જીવનમાં સહજ સુખો કે સહજ ખુશીઓ આપોઆપ ઉદભવવી જોઈએ.એની પ્રથમ શરત સરળ અને સાદુ જીવન છે.

? સરળ જીવવાનો ઉપાય સાદુ વિચારવામાં છે. મનમાં બિનજરૂરી વાતો કે કડવાશ રાખવાની જરૂર નથી જીવનનો વ્યવહાર જેટલો સાદો હોય એટલું જ ખુશીઓનું પ્રગટીકરણ સહજ બને છે.

કેટલીક વસ્તુઓને ભૂલી જવામાં??જ શાણપણ છે.ઈશ્વરે કદાચ એટલે માણસને વિસ્મૃતિનું વરદાન આપેલું છે. મનમાં ભરેલી યાદો ભંગાર બનીને સતાવતી રહે એવું બને?? છે.માણસ? ભલે બહારથી મક્કમ લાગતો હોઇ શકે.ક્યારેક એકાદી એવી કોઈ વાત કે ભૂતકાળનો નાનકડો પ્રસંગ એની કોરી આંખોને ભીંજવી નાખવા માટે પર્યાપ્ત બની? જાય છે.ભૂલથી પણ આવી યાદો જ્યારે આપણા ઉપર છવાઈ જાય ત્યારે એ ગમગીન કરી જતી હોય છે.એકબીજા સાથે લાગણીના તંતુથી બંધાઈ જવામાં કોઈ શરત હોતી નથી. છતાં માણસો એના માટે જાતજાતના દાવાઓ કરતા રહે છે.રિલેશનની વિશ્વસનીયતા માટે મહોર મારવામાં મગ્ન રહે છે.ઘણા કહે છે કે હું તો અમુક વ્યક્તિ માટે? કે અમુક ધ્યેય માટે જીવ પણ આપી દઉં.આવું કહેનારને એવો ભાગ્યે જ ખ્યાલ હોય છે કે કોઈક પોતાની આ વચન માટે કોક દી માગણી પણ? કરશે? !

# સંતાનને મેલના થર શબ્દની ખબર ના પડી કે પિતાએ તરત અંગ્રેજી માધ્યમમાંથી સંતાનોને ગુજરાતી માધ્યમમાં ભણવા મૂક્યાં

એ વાત એક વાર નહીં, સાડી સત્તર વાર કબૂલ કે વિશ્વભાષા અંગ્રેજી વિના હવે બિલકુલ ચાલે એમ નથી. એ વાતનો સ્વીકાર કરીને પણ કહેવું જોઈએ કે, માતૃભાષા ગુજરાતીના ભોગે જ્યારે તમે સંતાનને અંગ્રેજી માધ્યમમાં ભણાવો છો ત્યારે ગંભીર ભૂલ કરો છો. જે વ્યક્તિ અંગ્રેજી ભાષાનો વિરોધ કરે છે તે મૂર્ખ છે તો માતૃભાષા ગુજરાતીના ભોગે અંગ્રેજી ભાષાનું સમર્થન કરે છે તે વ્યક્તિ મહામૂર્ખ છે.

ગુજરાતી ભાષાના ટોચના પ્રકાશક આર.આર. શેઠના યુવા સંચાલક રત્નરાજ શેઠ માતૃભાષા ગુજરાતીના પ્રખર સમર્થક છે. તેમના જીવનનો એક પ્રેરક કિસ્સો પહેલું કિરણ કોલમના વાચકો સાથે વહેંચતાં મને આનંદ થાય છે.

રત્નરાજ શેઠને ત્રણ સંતાનો. આર્જવી, અથર્વ અને શાશ્વત. પોતાનાં બાળકોને કયા માધ્યમમાં ભણાવવાં એ અંગે માતા શ્રુતિબહેન અને પિતા રત્નરાજે ખૂબ વિચાર કર્યો હતો. જબરજસ્ત મનોમંથન કર્યું હતું. જુદા જુદા નિષ્ણાતો સાથે ચર્ચા વિચારણા પણ કરી હતી. અમદાવાદની ગુજરાતી માધ્યમની કેટલીક શાળાઓની મુલાકાત લીધી હતી, તેમના સંચાલકો અને આચાર્યો-શિક્ષકોને પણ મળ્યાં હતાં.

નિર્ણય લેવાનું અઘરું હતું. એક બાજુ માતૃભાષા ગુજરાતીનો પ્રેમ તેમને ખેંચતો હતો અને બીજી બાજુ વાતાવરણમાં અંગ્રેજી ભાષાની જરૂરિયાત પણ તેમને વિચાર કરવા મજબૂર કરતી હતી. આજકાલનાં કોઈ પણ માતા-પિતા માટે પોતાનાં સંતાનના શિક્ષણના માધ્યમ માટે નિર્ણય લેવાનું સહેલું નથી. અલબત્ત, રત્નરાજ શેઠનો ઝોક માતૃભાષા તરફ જ હતો. મને યાદ છે કે, એક દિવસ શ્રુતિબહેન અને રત્નરાજ શેઠ - બંને મારા કાર્યાલયમાં આ અંગે ચર્ચા કરવા આવ્યાં હતાં. ખૂબ લાંબી ચર્ચા થઈ હતી. શ્રુતિબહેનની એક જબરજસ્ત દલીલ હતીઃ મારે મારાં સંતાનોને ગુજરાતી માધ્યમમાં જ શા માટે ભણાવવાં જોઈએ એ બાબતે તમે મને સંમત (કન્વીન્સ) કરી શકો તો મને વાંધો નથી. એ વખતે અમે તેમને સંમત કરવામાં સફળ થયા નહોતા.

અલબત્ત, તેમના મનમાં માતૃભાષા માટે ભરપૂર પ્રેમ હતો જ તેમાં કોઈ શંકા નથી.

પછી શું થયું?

પહેલાં તો તેમણે પોતાનાં સંતાનોને અમદાવાદની ખ્યાતનામ સંસ્થા ઢીંગલીઘરમાં મૂક્યાં. ઢીંગલીઘરની સ્થાપના રામકુમાર રાજપ્રિય અને શાંતાબહેન રાજપ્રિયએ કરેલી. અત્યારે તેનું સંચાલન તેમના પુત્રવધૂ કૈલાસબહેન રાજપ્રિય અને પુત્ર મૈત્રેય રાજપ્રિય કરે છે. એકદમ સાચુકલી અને ધબકતી સંસ્થા. અહીં બાળકને એવું વાતાવરણ અપાય કે તે ઘરે જવાનું નામ જ ન લે.



અહીં બાળકોએ ભણી (ખરેખર તો રમી) લીધું.

હવે? એ પછી આર્જવી અને અથર્વને આનંદનિકેતન સ્કૂલમાં અંગ્રેજી મીડિયમમાં ભણવા મૂકવામાં આવ્યાં. રત્નરાજ એ દિવસોને યાદ કરતાં કહે છે કે, મને સારું નહોતું લાગતું. એક તો શાળામાં સંપૂર્ણ અંગ્રેજીમય વાતાવરણ, બાળકો ગુજરાતીમાં બોલી પણ ન શકે. એક ચોક્કસ પ્રકારનો ભાર વર્તાતો હતો. એમ કહેવું જોઈએ કે, પિતા રત્નરાજે તો કમને આવો નિર્ણય કર્યો હતો.

એક વખત એક ઘટના બની.

એક વખત બાળકો રમીને આવ્યાં. રત્નરાજ બાથરૂમમાં અથર્વને નવડાવતા હતા. તેમનાથી બોલાઈ ગયું કે, અલ્યા, તું તો ઘણું રમ્યો. તારા શરીર પર માટીના થર જામી ગયા છે.

અથર્વે પૂછ્યુંઃ માટીના થર એટલે શું ? રત્નરાજે એ વખતે તો તેનો અર્થ સમજાવી દીધો, પરંતુ એમના મનમાં મંથન ચાલું થયું. મારા દીકરાને માટીના થર એટલે શું તેની ખબર નથી એ કેવી રીતે ચાલે?

તેમણે મનોમન નિર્ણય કર્યો કે હું મારાં સંતાનોને ગુજરાતી માધ્યમમાં જ દાખલ કરી દઈશ. એ વખતે શાળા પોતાનો પરિસર (કેમ્પસ) બદલી રહી હતી અને તે ઘરથી ખાસા એવાં દૂરના વિસ્તારમાં હતો એટલે રત્નરાજને વિચાર આવ્યો કે આ એક સારો મોકો છે શાળા બદલવાનો! એ પછી તેમની નજર શ્રેયસ ફાઉન્ડેશન તરફ ગઈ. આર્જવી અંગ્રેજી માધ્યમમાં આગળ વધી ગઈ હતી એટલે શ્રેયસના સંચાલકોએ જ કહ્યું કે, આપણે આર્જવીને અંગ્રેજી માધ્યમમાં જ રાખીએ અને ગુજરાતી ભાષા અને ગુજરાતી વાતાવરણ ચોક્કસ આપીશું. અથર્વને તો ખૂબ જ પ્રેમ ને મમતાથી અંગ્રેજી મેડમ પાસેથી ઝૂંટવી લઈને ગુજરાતી માના ખોળામાં બેસાડી દેવામાં આવ્યો.

આ નિર્ણય વિશે રત્નરાજનું શું કહેવું છે ? રત્નરાજ શેઠ રાજી રાજી છે. યોગ્ય નિર્ણય લેવાનો તેમને સંતોષ છે. બાળકો ઉત્તમ રીતે ભણી રહ્યાં છે. જીવનને સમજી રહ્યાં છે. ખાસ કરીને, કોઈ પણ પ્રકારનો ભાર નથી અને સંવેદનાનો સાથ છે.



પહેલું કિરણ

રમેશ તન્ના

અંગ્રેજી માધ્યમ ભણવાનો ભાર આપે છે અને બાળક પાસેથી સંવેદના લઈ લે છે. આ બાબત સમજવા જેવી છે.

રત્નરાજે એક ઉદાહરણ આપ્યું. તેમના એક મિત્રની દીકરી, જેની ઉંમર આર્જવી જેટલી જ છે તે અંગ્રેજી માધ્યમમાં ભણી રહી છે. એ દીકરી હવે શરીર ઉપર વેક્સ કરાવે છે. હાથની રૂંવાટી તેને ગમતી નથી એટલે કાઢી નાખે છે. મેડિક્યોર-પેડિક્યોર કરાવે છે. ટૂંકમાં શિક્ષણે તેને શરીરના સૌંદર્ય અભિમુખ કરી દીધી છે.

રત્નરાજનાં સંતાનો આવાં અનેક દૂષણો, દેખાદેખી અને ખોટી જરૂરિયાતોના 'રોગ'થી બચી ગયાં છે.

રત્નરાજ શેઠને ઘણા લોકો રૂઢિચુસ્ત ગણે છે. જૂનવાણી માને છે. જોકે, રત્નરાજને તેની કોઈ ચિંતા નથી. તેમને લાગે છે કે, અંગ્રેજી ભાષા ખૂબ જ મહત્વની છે અને સારામાં સારી રીતે શીખવી જોઈએ પણ માતૃભાષા ના ભોગે તો નહીં જ!

લાંબી વાતચીતમાં તેઓ એમ પણ કહે છે કે, સૌથી દુઃખની વાત એ છે કે, માતાઓ જ માતૃભાષાની હત્યા કરી રહી છે. માતાઓ પોતાના સંતાનને માતૃભાષાના માધ્યમમાં ભણવા દેતી નથી. આ સ્થિતિ યોગ્ય નથી.

...

ગુજરાત સરકારે થોડાં વર્ષ પહેલાં ભાષા-નીતિની જાહેરાત કરી હતી ત્યારે અમે પોઝિટિવ મીડિયાના કાર્યાલયમાં 'ગુજરાતની ભાષા નીતિ અને પ્રજાની ભાષા પ્રીતિ' એ વિષય પર ચર્ચા રાખી હતી. જેમાં કેળવણીકારો, શિક્ષકો, કવિ-લેખકો, કર્મશીલો, ભાષાશાસ્ત્રીઓએ ભાગ લીધેલો. એમાં રત્નરાજ શેઠ પણ આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન કરતી વખતે મારાથી એક વાક્ય બોલાયું. મેં કહ્યું કે, પહેલાંનાં માતા-પિતા પેટે પાટા બાંધીને સંતાનોને ભણાવતાં. હું આગળ બોલું એ પહેલાં રત્નરાજે તેમાં પૂર્તિ કરી કે... "અને આજનાં માતા-પિતા આંખે પાટા બાંધીને પોતાનાં સંતાનોને ભણાવે છે."

કેટલી જબરજસ્ત અને સાચી વાત!

રત્નરાજ શેઠ અને શ્રુતિબહેન શેઠને અભિનંદન કે તેમણે પોતાનાં સંતાનોને ભણાવતી વખતે આંખે પાટા બાંધ્યા નથી. આંખો ખુલ્લી રાખીને, મનને પણ ખુલ્લું રાખીને તેમણે નિર્ણયો કર્યા છે. બાળકોને ઊજળા ભવિષ્ય તરફ લઈ જવાની સાચી દિશા તેમણે પકડી રાખી છે.

જે જે નવયુગલો મારો આ લેખ આ પોસ્ટ વાંચી રહ્યાં છે તેમને વિનંતી કે આપના સંતાનને અંગ્રેજી માધ્યમમાં ભણાવવાની ભૂલ કે પાપ ના કરતાં. સહેજ પણ ચિંતા કર્યા વિના તમારા બાળકને મા ગુર્જરીના ખોળામાં બેસાડી દેજો. માતૃભાષા પર પૂરતો વિશ્વાસ રાખજો. એ તમામ બાળકને ઉત્તમ અને શ્રેષ્ઠ માણસ બનાવશે જ.

અમદાવાદસ્થિત શ્રી રત્નરાજ શેઠનો ફોન નંબર ૯૯૦૯૯ ૪૧૮૦૨ છે.

**ગોધૂલિઃ**

ભાષા અને સંસ્કૃતિ એક સિક્કાની બે બાજુ છે, જ્યારે તમે તમારા સંતાનને અંગ્રેજી માધ્યમમાં ભણવા બેસાડો છો ત્યારે તમે તેને એક દિવ્ય અને ભવ્ય સંસ્કૃતિથી પણ વિમુખ કરો છો એ વાત કદી ભૂલશો નહીં.

# સુખી તેઓ છે, જે સ્વપ્ના સેવે છે, અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે

સુખી તેઓ છે, જેસ્વપ્રા સેવે છે,
અને તેને સાચાં પાડવાની કિંમત ચૂકવવા તત્પર હોય છે.

દિવાળી પૂરી થતાં જ નવાં વર્ષના આગમન સાથે આજથી જ એટલે કે લાભપાંચમ આવતાની સાથે જ ધીરે-ધીરે સૌ કોઈ પોતપોતાની **routine life** તરફ પરત ફરી રહ્યા હોય છે. નાના બાળકથી લઈને મોટા વડીલો સુધી દરેક માટે સોમવારનું આવવું, વેકેશન પુરું થવું એકસરખું જ બોરીંગ અને કંટાળા જનક અઘરું કામ હોય છે.

પણ પોતાના સપના, પોતાના લક્ષ્ય, પોતાના અધૂરાં કાર્યો પૂરા કરવા માટે આપણે સૌમને-કમને હસતા મોઢે ફરી એકવાર કામમાં પરોવાય જઈએ છીએ. આપણે સૌ જાણીએ જ છીએ કે કંઈક પામવા માટે કંઈક ગુમાવવું પડે છે. તહેવારો આપણા જીવનમાં નવું જોમ અને નવો ઉત્સાહ ઉમેરીને જીવનને રસપ્રદ બનાવે છે. કવિ શ્રી ઉમાશંકર જોશી કહે છે તેમ,

"માનવેતો પુરુષાર્થમાં સતત રચ્યા રહેવાનું છે. કસો કમર ચલાવો મજલ. મુકામની દિશામાંબે ડગ તો ભરો."

જેપ્રયત્નશીલ છે, તે અથડાતો, પછડાતો પણ છેવટે પોતાના અસલ મુકામે પહોંચે છે. વચ્ચે કેવી ભૂલો થઈ, પતનો થયાં, એ મોટો સવાલ નથી; માણસ પાછો ઊભો થઈ જાય અને ફરી મજલ કાપવા માંડે, એનું મહત્ત્વ છે. સતત પ્રયત્ન કરતો રહેતો માણસ અંતે જીવન સાફલ્ય પામે જ છે. 'ઉતાવળ વિના, પરંતુ ક્ષણ એક જંપ્યા વિના."

દિવાળીના તહેવારમાં આપણે" ગમે તેટલા ઓતપ્રોત થઈને આનંદ માણ્યો હોય છતાં આજે આપણે આવનારા વર્ષ દરમિયાન કરવાના કાર્યો તેમજ જરુરી બાબતોની સૂચી બનાવી આયોજનપૂર્વક કાર્યકરવું જોઈએ. તહેવારો જીવનમાં બનતી ઘટનાઓ નિરંતર ચાલ્યા જ કરે છે એ વાસ્તવિકતા સ્વીકારીને તહેવાર બાદ નવી આશા, નવા જોમ સાથે કાર્યની શુભ શરુઆત અને નવવર્ષ શરુઆત કરીએ તો જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિના ઉચ્ચ શિખરો સર કરી શકીશું. સોશિયલ મીડિયાને કારણે



હવેકંટાળો આવતો હોય કે ન ગમતી હોયએ **Whats app** પર ઓડિયો કે વીડિયો ના સ્વરુપમાં માણીએ છીએ અને તેના પર હસી પણ નાંખીએ છીએ.

આવનારા વર્ષમાં સંબંધો, લાગણીઓ, પ્રેમ અને અનુકંપાથી ભરપૂર બનીએ અને સમાજમાં તેનો પ્રચાર કરીએ તેમજ વધુમાં વધુ લોકોને તેમાં ભાગીદાર બનાવી શકીએ તો તહેવારનો ખરો હેતુ સિદ્ધ થયો ગણાશે. આપણે સૌએ જોયું, અનુભવ્યું, થોડા દુઃખી પણ થયા કે જેટલા પ્રમાણમાં Whatsapp મેસેજીસ ફોરવર્ડ કર્યા કે ફોટા અપલોડ કર્યા એટલો આનંદ માણી શક્યા નથી! ક્યાંક કંઈ કખૂટતું હોય, છૂટતું હોય કે બાકાત થઈ રહ્યું હોય તેવો અહેસાસ આપણને હતાશ બનાવી દે છે!

એકબીજાના ઘરે આવવું. એકબીજાને મળવું કે તહેવારને ખરા અર્થમાં માણવુંએ તમામ જાણે એક સ્વપ્ન સમાન લાગે છે. ગણ્યાગાઠ્યા લોકો જ તહેવારને પરંપરાગત રીતે માણે છે. જેના કારણે ધીરે-ધીરે સમાજમાં depression અને **broken relationship** નું પ્રમાણ વધી રહ્યું છે. મોટા ભાગે બહાર ફરવા જવાનું અત્યારે **Comon** થઈ ગયું છે ત્યારે પણ જો આપણે આપણા **Family values** અને **bonding** ને મજબૂત રાખ્યું હશે તો વર્ષમાં એકવાર દિવાળીના તહેવારમાં **Family trip** કરીને પણ એકબીજાની સાથે સમય પસાર કરવાનો પ્રયત્ન કરવાની જરુર છે. ઘરના તમામ તમામ સભ્યો સાથે મળીને સમય પસાર કરે એ જસાચી ઉજવણી ગણાય.



WhatsApp ઓફ ધી વીક

નેહલ ગઢવી

સંબંધોની કયારી જયારે સમયના અભાવે કરમાઈ જાય તેવી પરિસ્થિતિ સર્જાય ત્યારે તેમાં સ્નેહ અને હૂંફના પાણીનો છંટકાવ કરી તેને ફરીથી મઘમઘતી બનાવી શકાય. આપણા ધ્યેય તરફ આગળ વધવાની સાથોસાથ આપણી આસપાસ જે નાના-મોટા સંબંધો પાછળ છૂટી ગયા છે તેને થોડો સમય, થોડી માવજત અને થોડી હૂંફ દ્વારા નજીક લાવવાનો પ્રયત્ન કરીશું તો આવનારી દિવાળીને કંઈક નવા જ ઉત્સાહસાથે ચોક્કસપણે નવા અંદાજમાં માણી શકીશું. ધનતેરસથી માંડીને લાભપાંચમના મેસેજમાં એક સામ્યતાએ જ રહી કે આ વર્ષે આપણે આપણા સંબંધોમાં ઉષ્મા આણી શકીએ. ધનતેરસનો એક મેસેજ,

when a child needs his father's time and father keeps his mobile away and switches tv off and given his 100 percent to child, that moment is DHAN for the child.

when even after 20 years of wedding the husband still tells his wife 'I Love You' and appreciate her for what she is with all honesty, those moment are DHAN for the wife.

whenperents are old and they need attention and compassion from their children and when tha ga it, those moment are DHAN for perents.

May your life and world be filled with all such DHAN which makes our life truly wirth living

- nehalgadhavi 101@gmail.com

# ભારતીય ચૂંટણી પંચ એક આદર્શ વ્યવસ્થા : ભારતનું ચૂંટણી પંચ તટસ્થ અને નિષ્પક્ષ ગણાય છે

ભારત લોકશાહી દેશ હોય ચૂંટણી પંચને રાજકારણથી અલગ રાખવા એક સ્વાયત ચૂંટણી પંચની રચના કરવામાં આવી છે. જેના સભ્યોમાં કોઈપણ વ્યક્તિ રાજકીય પક્ષો સાથે જોડાયેલ કે સંકળાયેલ નથી. અમેરીકા, ઈગ્લેન્ડના ચૂંટણી પંચોની સત્તા સરકારના હાથમાં હોય છે. ત્યાંનું ચૂંટણી પંચ કાગનુ વાઘ છે. કેટલાક રાજકીય આગેવાનો તેમાં હોદ્દેદાર હોય છે. તેથી ભારતનું ચૂંટણી પંચ તટસ્થ અને નિષ્પક્ષ ગણાય છે અને સ્વાયત્ત રીતે ચૂંટણીનું કાર્ય કોઈપણ રાજકીય પક્ષોની સહેશરમ રાખ્યા સીવાય કરે છે.

દેશની આઝાદી સમયે ચૂંટણી પંચ ઘરે ઘરે જઈ સર્વે હાથ ધરતા મતદારોએ સરકારી ચોપડે પોતાનું નામ નોંધાઈ જવાની બીકથી યેનકેન પ્રકારે નામ નોંધાવવા માટે ઈન્કાર કર્યો. ૭૫૦૦૦ જેટલી મહિલાઓએ પ્રથમ ચૂંટણીમાં પોતાના મતાધિકાર જતો કર્યો પણ નામ ના નોંધાવ્યા. આવી સ્થિતિ વચ્ચે પણ ચૂંટણી પંચ નિષ્પક્ષ કામગીરી બજાવતું રહ્યું, જેને ખરો જશ અને યશ ૧૯૯૦ માં શ્રી ટી. એન. શેસાને અપાવ્યો. દેશના ૮૦ ટકા થી વધુ લોકો પ્રથમ ચૂંટણી સમયે વાંચી કે લખી શકતા ના હોય ચૂંટણી પંચે તમામ રાજકીય પક્ષોને પોતાના પ્રતિકો પસંદ કરવાની તક આપી ચિન્હો બેલેટ પેપર ઉપર છાપવામાં આવ્યા જેથી અભણ લોકો પોતાના મનગમતા પક્ષોને મત આપી પોતાનો કિંમતી મત આપી શકે. આ ઉપાયથી એશીયા અને આફ્રિકાના ઘણા પછાત દેશોમાં ભારતીય ચૂંટણી પંચે શોધેલા પ્રતિકના કારણે ચૂંટણી શકય બની. આ પણ અધિકારીઓ ઘણા વર્ષો સુધી આ દેશોમાં ચૂંટણી સમયે પોતાના સુચનો તથા માર્ગદર્શન આપેલ પહેલા ૧૦૦૦ મતદાતાએ એક ચૂંટણી બુથ રાખવામાં આવતું તથા મતદારો ફરીથી એકનો એક વ્યક્તિ મત આપવા ના આવે એટલે ભુસી ના શકાય તેવી શાહિનો ઉપયોગ કરવામાં આવ્યો. પ્રથમ ચૂંટણી બેલેટ પેપર નાસીકના છાપકામ ખાતામાં જયાં દેશની કરન્સી છાપવામાં આવતી હતી ત્યાં છાપવામાં આવ્યા. જો કે કેટલાય ગેરસમજના દાખલા પણ ઉભા થયા ઉમેદવારનું ચિન્હ વૃક્ષ હોય તો ચૂંટણી મથક બહાના વૃક્ષોને મહિલાઓ મત આપવા પહોંચી જતી જેને સમજાવી મતદાન મથકમાં મોકલવાનું કામ અઘરૂ હતું પરંતુ ચૂંટણી પંચે નિભાવ્યું. ૧૯૫૬ માં ૨૮ રાજયોને જોડી ચૂંટણી યોજાવામાં આવી દુનિયાભરમાં ભારતનું ચૂંટણી




પંચ નામના કમાતા ઓસ્ટ્રીયા અને કેનાડાથી પ્રતિનિધિ મંડળ ભારતની ચૂંટણી જોવા સમજવા આવવા લાગ્યા, સમય જતા ચૂંટણીએ દેશનો સૌથી મોટો લોકતાંત્રીક મેળો ગણાવા લાગ્યો. આ પ્રવાહ ૩૦ વર્ષ ઉપરાંતથી ચાલ્યો આવ્યો પરંતુ દેશ હાઈટેક બનતા તથા દેશની વસ્તી ૧૩૦ કરોડ ઉપરાંત પહોંચતા એક જ સમયે ચૂંટણી યોજવી શકય ના હોય સમયાંતરમાં ફેરફાર કરવા રાજકીય પક્ષોને સમજાવી કામ લેવામાં આવ્યું અને ઈ.વી.એમ. મશીનથી વોટ કરાવતા ફાયદા સમજાતા રાજકીય પક્ષો આ માટે સમંત થતા મતપત્રકો છાપવાના સાચવવાના તથા ગણત્રીનો લાંબા સમયનો અંત આવ્યો અને નવી ટેકનોલોજીનો ઉદય થશો જો કે ઈવીએમ ઉપર હારેલા પક્ષોએ માછલા ધોવાનું ચાલુ રાખેલ છે. હાલમાં વધારેમા વધારે જગ્યાએ ઈવીએમનો ઉપયોગ થવા લાગ્યો છે. આના કારણે બુથ કેપ્ચરીંગનો પણ અંત આવ્યો છે. મોટામાં મોટી રાહત બેલેટ ગણવામાંથી કર્મચારીઓને છુટકારો મળી ગયો છે. સમય અને નાણાનો બચત થવા લાગ્યો છે તથા મતદાન પ્રક્રિયા પણ ઝડપી બનતા લાંબી લાઈનોમાંથી મતદાતાને છુટકારો મળતા લાઈનમાં ઉભા રહેવાની આળસના કારણે મતદાન ના કરતા લોકો પણ ઈવીએમથી આકર્ષાઈ મતદાન કરતા થયા. મતદાન ટકાવારીમાં વધારો થવા લાગ્યો છે. પહેલા માંડ ૪૦ થી ૫૦ ટકા જેટલું મતદાન થતું એ હાલમાં ૮૦ ટકા ઉપર થવા લાગ્યું છે. મતદાતા જાગૃત બનેલ છે તથા અભણ મતદાતા પણ ચિત્રો જોઈ સહેલાઈથી મતદાન કરી શકે છે. પહેલા નામ ઉપર કે ચિત્રો ઉપર મતપત્રકમાં ચોકડી મારવામાં મુંઝાતો કે કોઈના નામ ઉપર ચોકડી કેવી રીતે મારી શકાય ચોકડી મારવાથી મત ના આપ્યો ગણાય એવી અભણ મતદાતામાં ગેરમાન્યતા હતી તે હવે દૂર થવા લાગી છે. આધુનિક મશીનમાં મત કોને કયા પક્ષના ચિન્હ ઉપર આપ્યો છે તેની ટીકીટ પણ તરત જ મળી જાય છે.



કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

ચૂંટણી પંચે ઉમેદવારો દ્વારા લાંબી લાલચ અને ધાક ધમકી આપી મતદાતાને વશમાં કરવાની પ્રવૃત્તિ ઉપર લગામ ખેંચતા આદર્શ ચૂંટણી સંહિતા આચાર સંહિત બહાર પાડી તેનો કડકાઈથી અમલ કરતા ખોટા ખર્ચાઓ ઉપર તથા જાતજાતની જાહેરાતો ઉપર લોભામણી જાહેરાતો વાયદા વચનોથી ચૂંટણી જીતવા ઉપર પ્રતિબંધ મુકાયો છે. જનતાને લાઉડ સ્પીકરનો અસહ્ય ત્રાસ પહોંચતો વિદ્યાર્થીઓને ભણવામાં ખલેલ પડતી જેવા પ્રશ્નોનો હલ આવ્યો છે. ચૂંટણી પંચ કડકાઈથી કાયદાનું પાલન કરાવે છે તથા ગેરલાયક ઉમેદવારનું ચૂંટણી ફોર્મ રદ કરતા અટકાતા ના હોય લોકોને ચૂંટણી પંચની કામગીરીમાં વિશ્વાસ ઉભો થયો છે. મતદાતાની સુરક્ષા માટે પોલીસ કર્મી હાજર રહેતા હોય બુથ કેપ્ચરીંગનો બનાવ અટકી ગયા છે. દેશમાં એક જ ચૂંટણી કમિશ્નરની નિમણુંકને સુપ્રિમ કોર્ટે માન્ય ઠરાવી અન્ય બે ચૂંટણી મદદનીશની જગ્યા ઉભી કરવામાં આવી. ચૂંટણી પંચના ફોટાવાળા મતદાન કાર્ટના આગ્રહના કારણે ચૂંટણી કાર્ડ કઢાવવા લોકો જાગૃત બન્યા અને બોગસ મતદાન ઉપર અંકુશ મુકાયો. ઉજ્જડ અને વેરાન પ્રદેશનમાં દૂર્ગમ પહાડી વિસ્તારમાં જંગલોમાં પણ માણસ મતદાન કરી શકે તેવી વ્યવસ્થા ભારતીય ચૂંટણી પંચે કરેલ છે. ૧૯૮૨ માં પ્રથમ વખત ઈવીએમનો ઉપયોગ કરવામાં આવેલ છે જે પ્રથા હાલમાં આજદિન સુધીની ચૂંટણીમાં ચાલુ છે. જેથી સરળ સહજ ઝડપી અને નાણાંની બચતથી ચૂંટણી પંચ લોકશાહી ઢબે ચૂંટણી યોજવા સક્ષમ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
www.trivediassociates.in